# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## એકમ કસોટી - 4 : 2020-21

**ધોરણ-9 (ગુજરાતી માધ્યમ)**

Time : 45 Minutes **વિષય : સામાજિક વિજ્ઞાન (10)** Total Marks : 25

**સૂચના :** આ પ્રશ્નપત્રમાં કુલ 13 પ્રશ્નો છે. જે તમામ ફરજિયાત છે.

જવાબો તમારી એકમ કસોટીની નોટબુકમાં લખવાના છે.

**વિભાગ-A**

● **માગ્યા મુજબ ઉત્તર આપો. ( દરેકનો 1 ગુણ)** **5**

પ્રશ્ન-1 યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે કયા હકને બંધારણનો આત્મા કહ્યો છે ?

(A) સ્વતંત્રતાનો હક (B) સમાનતાનો હક

(C) શોષણ વિરૂધ્ધનો હક (D) બંધારણીય ઈલાજનો હક

પ્રશ્ન-2 મને ઓળખો હું કોણ છું ?

'સ્વરાજ્ય મારો જન્મસિધ્ધ હક્ક છે અને તેને લઈને જ હું જંપીશ.'

પ્રશ્ન-3 યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

ક્ષેત્રફળની દૃષ્ટિએ ભારતનું સ્થાન વિશ્વમાં ............. મું છે. (ત્રીજું, સાતમું, પાંચમું)

પ્રશ્ન-4 નીચેનું વિધાન સાચું છે કે ખોટું તે જણાવો.

હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ ઉપરાષ્ટ્રપ્રમુખ હોય છે.

પ્રશ્ન-5 ટૂંકમાં જવાબ લખો.

સંસદમાં અંદાજપત્ર કોણ રજૂ કરે છે ?

**વિભાગ-B**

● **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો. ( દરેકના 2 ગુણ)** **10**

પ્રશ્ન-6 રોલર્ટ એક્ટને ગાંધીજીએ 'કાળો કાયદો' શા માટે કહ્યો ?

પ્રશ્ન-7 મૂળભૂત હક્કો શા માટે જરૂરી છે ?

પ્રશ્ન-8 કારણ સમજાવો :

રાજ્યસભા કાયમી ગૃહ છે.

**અથવા**

મહાભિયોગની કાર્યવાહી શું છે ?

પ્રશ્ન-9 મૃદાવરણીય પ્લેટો કેટલી છે ? દરેકના નામ લખો.

પ્રશ્ન-10 ભારતની જમીન સીમા ક્યા કયા દેશો સાથે જોડાયેલી છે ?

**વિભાગ-C**

● **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો. ( દરેકના 3 ગુણ)** **6**

પ્રશ્ન-11 નીચે આપેલ વિદેશી ક્રાંતિકારીઓ વિશે માહિતી આપો.

(1) લાલા હરદયાલ

(2) મેડમ કામા

(3) મદનલાલ ધીંગરા

**અથવા**

જલિયાંવાલા બાગનો હત્યાંકાડ (ટૂંકનોંધ)

પ્રશ્ન-12 ભારતના નાગરિકોની કોઈ પણ છ મૂળભૂત ફરજો જણાવો.

**વિભાગ-D**

● **આપેલ પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.** **4**

પ્રશ્ન-13 ભારતના રાષ્ટ્રપતિની લાયકાત અને સત્તાઓ જણાવો.

**અથવા**

ટૂંકનોંધ લખો : લોકસભાના સ્પીકર (અધ્યક્ષ)

-----